# ઉત્થાન

પેટલાદ એજ્યુકેશન ટ્રસ્ટ, પેટલાદ સંચાલિત

**શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.**

( Accredited By NAAC : 'B' Grade)

વર્ષ : ૧ | જાન્યુઆરી- ૨૦૦૮ (માસિક અંક) * વાર્ષિક લવાજમ : રૂા. ૫૦/- * છુટક નકલ રૂા. ૫/- | સળંગ અંક : ૪



*** તંત્રીશ્રી :**

પ્રિ. ડૉ. વિમલ જોષી

*** સહ તંત્રીશ્રી :**

શ્રી સુમનભાઈ એમ. પારેખ (ગ્રંથપાલ)

પ્રા. વિજયભાઈ પટેલ

પ્રા. કે. આર. વણકર

પ્રા. ઉમેશભાઈ એન. પટેલ

પ્રા. એ. વી. પંડ્યા

*** વિદ્યાર્થી સંપાદકો :**

હાર્દિક પટેલ

હિમાંશુ પટેલ

ફરહાનબાનુ દિવાન

પ્રતિક્ષા પ્રજાપતિ

હાર્દિક દવે

દિપેશ ડાભી

કૃતિકા પટેલ

વિનુભાઈ જોષી

રવિ જોષી

સુરેશ સોલંકી

પરમાર લક્ષ્મીબેન



*** પ્રકાશક :**

શ્રી આર. કે. પરીખ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજ, પેટલાદ.

પોસ્ટ બોક્સ નં. : ૨૩

મુ. પેટલાદ - ૩૮૮૪૫૦.

જિ. આણંદ - ગુજરાત.

ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૬

Website :

www.petladcollege.com


## તંત્રીશ્રીની કલમે....

૧૨ જાન્યુઆરી એટલે મહાન વિભૂતિ સ્વામી વિવેકાનંદજીનો જન્મ દિવસ. આ દિવસને 'યુવા દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસને આ કેમ્પસની ત્રણેય કૉલેજોએ વિશિષ્ટ રીતે ઉજવ્યો. કેમ્પસની ત્રણેય કૉલેજોએ સાથે મળી 'યુવા મિલન સમારોહ' નું આયોજન કર્યું. અને યુવાનોને પ્રોત્સાહન મળે તથા આત્મ વિશ્વાસુ દઢ થાય એ હેતુથી યુવાન કટાર લેખક શ્રી જય વસાવડાના વ્યાખ્યાનનું આયોજન હાથ ધર્યું હતું. તે રસપ્રદ વ્યાખ્યાનનાં કેટલાક અંશો એમની અનુમતિથી આપ સૌ સાથે સહભાગી થવાના હેતુથી આપની સમક્ષ રજૂ કરુ છું.

* રિઝલ્ટ આવાતાંવેંત એક નવી એકઝામ શરૂ થઈ જાય છે. બજેટ કેરિયર ઓપ્શન તલાશ કરવાની એકઝામ કેરિયરની ફાઈનલ ચોઈસ પોતાના રસ અને ક્ષમતા મુજબ કરવાની રહે, પણ વર્તમાન સમયમાં ઉભરાતા કેટલાક કેરિઅર ટ્રેન્ડસની ફેકટફાઈલ ઈન્ટરેસ્ટિંગ છે.

* જાપાન અને ચીનનો સાપેક્ષે ભારત યુવા રાષ્ટ્ર છે. ૧૫ થી ૫૯ વર્ષની વયની વસતિ અહીં કુલ વસતિના ૬૦% છે. અંતે એમાંથી પણ અડધોઅડધની ઉંમર ૨૫ વર્ષથી નીચે છે. દર વર્ષે લગભગ સાડાચાર લાખ ટેકનિકલ ગ્રેજ્યુએટસ અને ૨૩ લાખ બીજા ગ્રેજ્યુએટસ આઈ.ટી. (ઈન્ફોર્મેશન ટેકનોલોજી) ના ફિલ્ડમાં ઝંપલાવી શકે છે. આઉટસોર્સિંગના આ યુગમાં આઈ.ટી.ની મંદી ભૂતકાળ બની રહી છે. ૨૦૦૬ ના અંતે 'નાસકોમ' (નેશનલ એસોસિએશન ઓપ સોફટવેર કંપનીઝ) ના મતે ભારતીય આઈ.ટી.ઈન્ડસ્ટ્રીનું વોલ્યુમ ૩૬.૩ અબજ અમેરિકન ડોલર્સનું હતું. 'નાસકોમ' ના અંદાજ મુજબ ૨૦૧૦ સુધીમાં આઈ.ટી. અને આઉટસોર્સિંગના ક્ષેત્રે ૨૦ લાખ નવી નોકરીઓ ઉભી થશે. જેમાં દરેક સ્તરે ૧૬% જેટલો તો પગારમાં વાર્ષિક વધારો હશે !

* મુંબઈમાં જેમ છેલ્લા ૫ વર્ષમાં મોલ કલ્ચર ફેલાયું છે, એમ જ રીટેઈલ ઈન્ડસ્ટ્રીઝમાં જોબની તકો પણ ફેલાઈ છે. મહાનગરો ઉપરાંત નાના શહેરોમાં પણ રિટેઈલ માર્કેટ વિકસી રહી છે. ગયા વર્ષે રિટેઈલ સેકટરે બે લાખ નોકરીઓ ઉભી કરી હતી.આ વર્ષનો અંદાજ નવી અઢી લાખ નોકરીઓનો છે. ૨૦૧૦ સુધીમાં એ સંખ્યા ૨૦ લાખ જેટલી થઈ જશે. ભારતનું રીટેઈલ માર્કેટ નાનુસૂનું નથી. ૪૧,૮૫૦ કરોડનું જંગી બજાર છે ! એક અનુમાન મુજબ શિક્ષિત ભારતીયોનો ૧૫% વર્ગ કોઈને કોઈ રીતે રિટેઈલ માર્કેટમાં હશે. ભારત વિશ્વની નવમા નંબરની રીટેઈલ બજાર છે. ફોર એકઝામ્પલ અહીં માત્ર બાળકોના કપડાની માર્કેટ પણ ૧૨,૯૨૪ કરોડની છે.

* ટેલિકોમ સેકટરમાં પણ પ્રગતિ જેટ સ્પીડે થઈ રહી છે. ૨૦૦૬ માં ૧ કરોડ ૮૦ લાખ લોકો પાસે મોબાઈલ આવ્યો. ૧૯૯૫ માં ૭૭,૦૦૦ વાયરલેશ કનેકશનસ સામે ૨૦૦૬ માં એ સંખ્યા ૮ કરોડ ૩૦ લાખથી વધુ છે. આ વર્ષના અંત સુધીમાં જ ટેલિકોમ સેકટરમાં ૩૦ લાખ નવા લોકોની ભરતી થઈ શકે તેમ છે. આગામી ૨ વર્ષમાં ૧ લાખ તો માત્ર કેળવાયેલા એન્જિનીઅર્સ જોઈશે. આગામી દસ વર્ષમાં સીસ્ટમ્સ એન્ડ ડેટા એનાલિસ્ટસની જોબ્સમાં અંદાજીત વધારો છે. ૨૫% !

* ડૉકટર બનીને જ મેડિકલ ફિલ્ડમાં ખજાનો મેળવી શકાય, એ વાત જૂની થઈ ગઈ. ભારતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી ૨૦૧૦માં ૧,૧૧,૪૧૩ કરોડની માર્કેટ ધરાવતી થઈ જશે. એવો ફાર્માસ્યુટિકલ કંપની આર્ગેનાઈઝેશનનો જ અદાજ છે. છેલ્લા બે વર્ષમાં જ આ ક્ષેત્રમાં ૩,૯૦૦ નવી પ્રોડકટસ ભારતમાં શરૂ થઈ છે. બીજા કોઈપણ દેશ કરતાં અહીં દવા બનાવવાનો પ્લાન્ટ ૪૦% સસ્તો પડે તેમ છે. અત્યારે ૭૫,૦૦૦ ભારતીય બાયોટેકનોલોજીસ્ટ એમા ઉચ્ચ સ્તરે છે.

(નોંધ : સંસ્થા સમાચાર આવતા અંકે...)

# સફળતા

" સફળતા", સફળતાનું નામ સાંભળતાની સાથે આપણું હૈયું ડોલવા લાગે છે. સફળતાની તલાશ દરેક વ્યક્તિને પ્રત્યેક જગ્યાએ રહે છે. કોઈપણ વ્યક્તિ હોય પોતે જ્યાં હોય ત્યાં જ પ્રગતિ, ઉન્નતિ અને ઉચ્ચ વિકાસના માર્ગોની શોધખોળ કરતો જ રહે છે. આ શોધખોળમાં કેટલાક લોકો સફળ થાય છે અને કેટલાક નિષ્ફળ.

અનેક મનુષ્યો માટે સફળતા હંમેશા સ્વપ્નનાં ફૂલ જેવી હોય છે. સફળ વ્યક્તિને જોઈને આપણું મન ચિંતામાં ડૂબેલું રહે છે. કે "આખરે એમણે કંઈ જાદુઈ શક્તિથી પોતાને મનગમતી સફળતા પ્રાપ્ત કરીઃ ?" જે લોકો પોતે સફળતા હાંસલ કરે છે. અને આનંદમય જીવન વ્યતિત કરે છે. તેમને જોઈને દરેક વ્યક્તિ તેઓની સફળતાનું રહસ્ય પૂછે છે. આથી જ્યારે આપણે એમનો જવાબ સાંભળીએ છીએ ત્યારે તેઓ એમ કહે છે કે,

"સફળતા તો દરેક વ્યક્તિ મેળવી શકે છે,
પરંતુ કેટલાક લોકો એનો ઉપયોગ કરવાનું જાણે છે,
કેટલાંક લોકો જાણતાં નથી"

સફળતા પ્રાપ્ત કરવાનું એક માધ્યમ એ હોય છે કે આપણો દ્રષ્ટિકોણ કેવો છે ? જો આપણો દ્રષ્ટિકોણ સકારાત્મક હશે તો બીજાઓ માટે પણ એક સુંદર અને મધુર વાતાવરણ ઉભું કરી શકીશું. સકારાત્મક દ્રષ્ટિકોણનો અર્થ છે, પોતાનાં પરનો વિશ્વાસ, ધ્યેય, અડગ શ્રધ્ધા અસીમ વિશ્વાસ, પોતે ટકી રહેવાની વૃત્તિ ખેવના હશે, તો જ પ્રત્યેક વ્યક્તિ સફળ થઈ શકશે.

માનવીય વ્યક્તિત્ત્વના ઊંડા જાણકાર કોરનીગોલ્ડમેને એક પુસ્તક લખ્યું છે.

"How to find out success." એટલે કે "સફળતા કેવી રીતે મેળવી શકાય ? " એમનું કહેવું એમ છે કે "સફળતા મેળવવી એ મનુષ્યનો જન્મસિદ્ધ અધિકાર છે" તેઓનું કહેવાનું તાત્પર્ય ફક્ત એટલું જ છે કે " ભગવાને આપણને સુંદર જીવન આપ્યું છે, એ જીવન આપણે કેવી રીતે ગાળવું." જો સમાજમાં આવ્યાં તો વાંધો નહિ, પરંતુ આપણે એક એવું કામ કરીએ કે જેથી આપણને જ નહિ આપણા દેશ અને સમાજ બંન્ને માટે ગૌરવની લાગણી થાય. કેટલું જીવ્યાં તે મહત્વનું નથી, પરંતુ કેવું જીવ્યા તે જ મહત્વનું છે. જ્યાં સુધી પોતાની અંદર રહેલી શક્તિઓને આપણે જગાડીશું નહિં. તેને બહાર આવવા દઈશું નહીં, ત્યાં સુધી આપણે ક્યારેય આગળ આવી શકીશું નહીં. અને સફળ થઈ શકીશું નહિ. પોતાની અંદર પડેલી શક્તિઓને, આવડતને આપણે બીજા સમક્ષ પહોંચાડીશું નહિં, ત્યાં સુધી આપણે સફળ બની શકીશું નહિ.

સફળતા પ્રાપ્ત કરવા માટે પોતાના સામર્થ્ય પર વિશ્વાસ રાખવો પડશે. એટલે અશક્ય લાગતી વસ્તુઓ શક્ય બનાવી પડશે."હું કરી શકીશ" ની ભાવના દરેક - દરેક મનુષ્ય, યુવાન,બાળકો, વગેરેમાં હશે, તો જીવનમાં સફળતા જ સફળતા છે. પોતાનો એક ઉદ્દેશ હોવો જોઈએ. " હું કરીશ જ" એવી અડગ શ્રધ્ધા સાથે કામ કરવામાં આવે તો જીવનમાં સફળતા જરૂર મળે છે. અને જીવન જિંદગીને તેમજ આવનાર ભવિષ્યને સુખમય નિહાળવું હોય તો જીવનમાં પાંચ વસ્તુઓની ખૂબ જ અગત્યતા રહેલી છે.

જીવનમાં સફળ બનવાના પાંચ નિયમો નીચે મુજબ છે.

**૧. સમયનો સદ્ઉપયોગ :-** સમયનો યોગ્ય ઉપયોગ એટલે કે સદ્ ઉપયોગ કરતાં શીખો કોઈપણ કામ હોય જ્યાં સુધી તે પૂર્ણ ન થાય ત્યાં સુધી કર્યા કરો. અને સમયસર પૂરા કરવાની કોશિષ કરતા રહો. કોઈપણ જાતના ભય કે બીક રાખ્યા વગર મુક્ત રીતે, આરામથી ચિંતાથી દૂર રહીને તે કાર્ય પૂરૂં કરો. તે માટે યોગ્ય પ્લાનીંગ તૈયાર કરો. તો અવશ્ય સફળ થશો. એટલે કે " કલ કરે સો આજ કર, આજ કરે સો અબ" આજે કરીશ, કાલે કરીશ, એમ કરવાથી સફળ થઈ શકાતું નથી, આજનું કામ કાલે નહિ, પરંતુ હમણાં જ અત્યારે જ કરીશ એવી ભાવના સેવવાથી સફળતા આપણાં કદમ જરૂર ચૂમે છે.

**૨. પોતાના પર વિશ્વાસ :-** ગમે તે ભારે કામ હોય પણ આપણી પર તે નિર્ભર બને છે." હું કરી શકીશ" આ મારાથી થવું જ જોઈએ. એ માટે આપણે હકારાત્મક દૃષ્ટિ રાખવી જોઈએ. જો પોતાની વિચારસરણી હકારાત્મક હશે તો આપણું કાર્ય પણ સરસ રીત પાર પડશે. ઉ.દા. પરીક્ષામાં ફેલ થવાથી, નિષ્ફળ થવાથી હારી ન જવાય પરંતું ધીરજ રાખી નિષ્ફળતાને સફળતામાં બદલી દેવાથી અવશ્ય સફળ થઈ શકાય છે. અંતે આપણને આપણી મંજિલ જરૂર પ્રાપ્ત થાય છે.

**૩. પરિસ્થિતિનો ઉપયોગ :-** પરિસ્થિતિનો ઉપયોગ એટલે કે પરિસ્થિતિ કેવી છે, એ મહત્વપૂર્ણ નથી; પરંતુ આપણે તેનો ઉપયોગ કેવી રીતે કરીએ છીએ, તે મહત્વનું છે. પોતાનામાં જો આવડત હોય, સૂઝબુઝ હોય તો ગમે તેવી કપરી પરિસ્થિતિનો યોગ્ય ઉપયોગ કરવાથી તે આપણને સહયોગ અને માર્ગદર્શન પણ આપે છે.

**૪. વ્યક્તિત્ત્વ :-** વ્યક્તિત્ત્વ એટલે કે આપણા સંસ્કાર, આપણા ગુણો જેવા કે, પહેરવેશ, રહેણીકરણી, વાતચીત કરવાની રીત વગેરે સફળતા પર ઘણો પ્રભાવ પાડે છે. તેમજ આપણે કેટલા પ્રામાણિક છીએ આપણામાં વિનમ્રતા, કર્તવ્યનિષ્ઠા, સત્યવાદી કેટલાં છીએ વગેરે બાબતો પણ આપણું વ્યક્તિત્ત્વ ઘડવામાં મદદરૂપ બની રહે છે. ટૂંકમાં સારાં ગુણો અને સંસ્કારોથી આપણે સફળતા હાંસલ કરી શકીએ છીએ. આપણો વ્યવહાર જ આપણને પ્રભાવશાળી બનાવે છે. એટલે આપણે ખૂબ ચિવટથી દ્રઢતાથી વ્યવહારોમાં સાવચેતી રાખવી પડે છે. તો જ સફળતા પ્રાપ્ત થઈ શકે છે.

**૫. સતત સકારાત્મક ક્રિયાશીલતા :-** સફળતા મેળવવાની ઈચ્છા રાખનારે પોતે સજાગ બનવું પડે છે, ક્રિયાશીલ બનવું પડે છે. કોઈના પ્રત્યે વેરભાવ, તિરસ્કાર, દ્વેષ કે કોઈને નુકશાન પહોંચાડવાની, ખેવના, અહંકાર, આળસ, ઈર્ષા, વાદ-વિવાદ, ભાઈચારો, બહાનાબાજી વગેરેથી દૂર રહેવું પડતું હોય છે. અને સતત પોતાના ઉદ્દેશ (લક્ષ્ય) પ્રતિ એક નિષ્ઠા ભાવે ક્રિયાશીલ રહેવામાં આવે તો જ સફળતા મેળવી શકાય છે.

- પરમાર લક્ષ્મીબેન ગાંગાભાઈ
ટી.વાય.બી.એ. રોલ નં. ૨૪

# ગિનિઝ બુકમાં સ્થાન મેળનાર અક્ષરધામ

ગિનિઝ બુકમાં સ્થાન મેળવનાર રાજધાની દિલ્હીના લલાટે ઝળહળતું ભારતીય "સંસ્કૃતિના ગૌરવ - તિલક સમા અક્ષરધામ એ પ્રાચીન ભારતીય શિલ્પ સ્થાપત્ય, કલા અને સંસ્કૃતિના શાશ્વત વારસાની બેનમૂન પ્રસ્તુતિ છે. સત્યમ, શિવમ્, સુંદરમ્ ની અનુભૂતિ છે. આવો એના વિશે જાણીએ થોડી રસપ્રદ બાબતો. માત્ર પાંચ વર્ષના ટૂંકા સમયની પાબંદી વચ્ચે ધરતીમાંથી ઉગી નીકળીને સ્વામિનારાયણ અક્ષરધામ વિરાટ આકાશને આંબી ગયું એ મેનેજમેન્ટના ધુરંધરોને પણ આશ્ચર્ય ઉપજાવે છે.

૧૦૦ એકરમાં પથરાયેલાં ભવ્ય પરિસર સ્વામિનારાયણ અક્ષરધામના મધ્યબિંદુ પર ગુલાબી પથ્થરમાંથી કમળપુષ્પની જેમ ખીલી ઊઠ્યું છે. અક્ષરધામ મહાલય. ભારતીય સંસ્કૃતિના પ્રખર જ્યોતિર્ધર પૂર્ણ પુરુષોત્તમ ભગવાનશ્રી સ્વામિનારાયણની મંગલ સ્મૃતિ રૂપે તેનું સર્જન થયું છે. ગુલાબી પત્થર અને શ્વેત આરસપહાણના વિશિષ્ટ વિનિયોગથી રચાયેલા આ મહાલયમાં ગુલાબી પથ્થરો સદા પુષ્પિત ભક્તિ અને શ્વેત આરસપહાણ નિષ્કલંક પવિત્રતા અને શાશ્વત શાંતિનો સંદેશ આપે છે.

અક્ષરધામના મહાલયનું આંતર સ્વરૂપ અને બહિરસ્વરૂપ પ્રાચીન શાસ્ત્રોની વ્યાખ્યાને અનુસરીને ઘડવામાં આવ્યું છે. અહીં પ્રત્યેક અંગની રચના માત્ર ડિઝાઈન ખાતર નથી. પરંતું દરેક અંગની રચના પાછળ નિશ્ચિત હેતુ છે. આથી દરેક અંગનું નિશ્ચિત નામ છે. તેનો નિશ્ચિત મર્મ છે. પથ્થરના એક એક ઈંચમાં નીખરી ઊઠેલી અદ્વિતીય શિલ્પકલાનું ચોક્કસ શાસ્ત્રીય વિધાન છે. હજારો વર્ષોની પરંપરા અનુસાર આ દરેક અંગ રચવાનું ચોક્કસ ગણિત અને ભૂમિતિ છે. દરેક અંગમાં દિવ્ય તત્ત્વનું આહ્વાન છે. અક્ષરધામનું મહાલય વિલક્ષણ રીતે બે પીઠ-જગતી ધરાવે છે. મુખ્ય આધાર પીઠ તરીકે ગજેન્દ્રપીઠ. ૧૪૮ કલામંડિત ગજરાજોની ૧૦૭૦ ફુટ લાંબ ગજેન્દ્રપીઠમાં હાથીઓની ફક્ત શ્રેણી જ મૂકી નથી, પણ પ્રાચીન ભારતીય સાહિત્યમાંથી સંશોધન કરીને બોધકથાઓ, લોકકથાઓ પુરાણકથાઓ વગેરેમાંથી ૮૦ પ્રેરક સંદેશ આપતાં દ્રશ્યો હૂબહૂ કંડાર્યા છે. તેની ઉપર નારાયણ પીઠ. તેના પર નવ ઘુમ્મટો અને ૨૦ ચતુષ્ટકોણ સામરણ શિખરોનું વિશિષ્ટ સંયોજન છે. ભારતમાં અત્યાર સુધીમાં નિર્માણ પામેલાં પથ્થરોનાં મહાલયોમાં આવું વિલક્ષણ સંયોજન માત્ર અક્ષરધામમાં જ નીરખવા મળે છે.લોખંડના ઉપયોગ વિના ૧૪૧ ફૂટ ઊંચા આ ભવ્ય મહાલયની રચના સ્વયં એક અજાયબી છે.

આખા અક્ષરધામમાં કુલ મળીને ૨૦૦૦૦ મૂર્તિ શિલ્પો છે. ધાતુ શિલ્પોના ૪૫૦૦ વર્ષોના ભારતીય ઈતિહાસમાં સૌથી મોટાં રમણીય અને વિપુલ સંખ્યામાં ધાતુશિલ્પો રચવાનું શ્રેય સ્વામિનારાયણ અક્ષરધામને ફાળે છે. અક્ષરધામના અધિપતિ ભગવાનશ્રી સ્વામિનારાયણની ધાતુની મૂર્તિ ૧૧ ફુટ ઊંચી અને ૨૬૦૦ કિલો વજનની છે. બાળયોગી નીલકંઠની ૨૭ ફૂટ ઊંચી ધાતુની મૂર્તિ ભારતનું ઉંચામાં ઊંચુ ધાતુ શિલ્પ છે. ઉપરાંત ભારતના અનેક બાળરત્નો, વીરરત્નો, નારીરત્નો, રાષ્ટ્રરત્નોના ૭ ફુટ ઊંચા મનમોહક ધાતુશિલ્પોની શ્રેણી રચીને અક્ષરધામ એ મહાન માનવરત્નોને શ્રદ્ધાંજલિ આપે છે.

ખરેખર, આટલું ઝીણવટભર્યું અને કલાત્મક કામ માત્ર પાંચ વર્ષના ટૂંકા ગાળામાં પાર પાડવું એક પડકાર હતો, પરંતુ વિશ્વવંદનીય પ્રમુખ સ્વામીના આશીર્વાદ અને માર્ગદર્શનથી આ વિરાટ કાર્ય સંભવિત બન્યું. ઈ.સ. ૨૦૦૦માં આ ભવ્ય મંદિરના નિમાર્ણનો પ્રારંભ થયો અને ૨૦૦૫ માં તો સ્વામિનારાયણ અક્ષરધામ આંખના પલકારાની જેમ ખીલી ઊઠ્યું અને ૨૦૦૭માં એ ગ્રિનિઝ બુકમાં સ્થાપન પણ પામી ચૂક્યું છે. પરંતુ આ અક્ષરધામ બનાવવા પાછળ કોઈ હરિફાઈની વાત નથી. યમુના કાંઠે અક્ષરધામ મંદિર બંધાય એવો યોગીજી મહારાજનો સંકલ્પ અને સૌનું કલ્યાણ થાય, ભારત અને દુનિયાનો ઉત્કર્ષ થાય, એ જ એક ભાવના સાથે પ્રમુખસ્વામી મહારાજે આ ભવ્ય અક્ષરધામ મંદિરનું સર્જન કર્યું.

- પટેલ ધ્રુવિષાબેન પી.

એમ. એ. - ૨

## અમૂલ ડેરી, આણંદ

અમુલ ડેરી એ ગુજરાતની જાણીતી ખુબજ મોટી ડેરી છે. તે આણંદમાં આવેલી છે. અમૂલ ડેરીના ચેરમેન રામસીંગ પરમાર છે. અમુલ ડેરીનો ઈતિહાસ આઝાદી પહેલાનો છે. અમૂલનું આખુ નામ અમૂલ મિલ્ક યુનિયન લિમિટેડ છે. ૧૪મી ડીસેમ્બર ૧૯૪૬માં ખેડાજિલ્લા સહકારી સંઘ દ્વારા અમૂલ ડેરીની સ્થાપના થઈ. અમુલ ડેરીનું પ્રતિક ચાર હાથમાં વહેંચાયેલું છે.

૧. ખેડૂતો
૨. દૂધનની બનાવટો જેવી કે બટર, ચીઝ, ઘી વગેરે .
૩. ૧૩ મી જુ. જીલ્લામાં વહેંચાયેલી છે. Gujarat Co-op. Marketing
૪. ગ્રાહક લોકો

૧૪ થી ૧૫ લાખ લીટર દૂધ એક દિવસમાં એકઠું થાય છે. ૬,૩૨,૧૩૦ લોકો દૂધ આપે છે. આણંદ - ખેડા જીલ્લામાંથી કુલ ૧૦૯૪ ગામ માંથી દૂધ આવે છે.

આણંદની અમુલ ડેરી ૪૯ એકર જમીનમાં વિસ્તરેલી છે. ૧૯૫૪માં રાજેન્દ્ર પ્રસાદે ભૂમિ પૂજન કર્યું.

૩૧ મી ઓકટોમ્બર ૧૯૫૫ના રોજ જવાહરલાલ નહેરૂના હસ્તે નવી ડેરીનું ઉદ્દઘાટન થયું. ૧૯૬૦માં નાણાં પ્રધાન મોરારજી દેસાઈના વરદ્દ હસ્તે બેબીફુડ અને ચીઝ વિભાગની વધારાની ડેરીનું ઉદ્દઘાટન થયું.

દૂધ એકઠું કરવામાં અમુલ ડેરી ત્રીજા નંબરે આવે છે. અમૂલ ડેરીમાં ચીઝનું એક દિવસમાં ૨૦ ટન અને ૧ મહિને ૬૦૦ ટન ઉત્પાદન કરે છે. અમૂલમાં ૨.૬ મીલીયન ખેડૂતો સંકળાયેલા છે. અમૂલ ડેરીના ગ્રાહકો કાશ્મીર, કેરલા, દુબઈ, સીંગાપુર, ની અંદર ૧૭૦૦૦ લાકો અમુલ મિલ્ક વાપરે છે. ૨૬ લાખ સ્ત્રીઓ, ૧૩૦૦ ગામડાં અમૂલ સાથે સંકળાયેલા છે. અમૂલની પ્રોડકટ એ ૧૩ ડેરી પર બનાવટો બનાવે છે. એક દિવસમાં ૭૦ થી ૮૦ ટન મિલ્ક પાઉડર બને છે.

આમ અમુલ ડેરીની બ્રાન્ચ ખૂબ મોટી છે. તે દરેક ખેડૂતોને રોજીરોટી માં મદદ રૂપ બને છે.

પ્રજાપતિ વર્ષા,
ટી.વાય.બી.એ.

## પેટલાદનો પ્રાચિન ઈતિહાસ

પેટલાદ શહેરમાં સોલંકી યુગનો પ્રારંભ સંવત ૫૪૦ના પોષ શુક્લ પક્ષે - ૩ તિથિ પ્રમાણે લગભગ ૨૭મી ડિસેમ્બર અને ઈ.સ. ૪૭૪ના રોજ થયાનું માનવામાં આવે છે. વારની કોઈ માહિતી આપવામાં આવી નથી. પીર અરણજણ સિંહજી એ પેટલાદના છેલ્લા રાજા કહી શકાય. પીર અર્જુનશાહે રાજ કારભાર નો ત્યાગ કરતા પેટલાદમાં રાજાશાહીનો સમય ૭૬૦ વર્ષ સુધીનો રહેલ છે. એટલે કે ઈ.સ. ૧૨૪૪માં પેટલાદમાં રાજાશાહી સત્તા અસ્ત થવા પામી હશે. ઉપર ઈ.સ. પ્રમાણેની જે ગણતરી કરી છે તે તેમની કબર ઉપર દર્શાવેલ મૃત્યુ તિથિ પરથી કરાયેલ છે. આ પુરાવા ના આધારે પેટલાદમાં સોલંકી યુગનું શાસન ૭૬૦ વર્ષ રહેવા પામ્યું હતું.

આમ સન ૧૨૪૪ માં પ્રહલાદપુરની ગાદીનો અસ્ત થવા પામ્યો હતો. આમ આધારભુત પુરાવાને આધારે સોલંકી યુગનું સામ્રાજ્ય ૭૬૦ વર્ષ ચાલ્યું હતું. તેવો આ ઐતિહાસિક પુરાવો છે. તારીખે સિકન્દર, તારીખે અહમદી, તારીખે અવલિયા, તારીખે ગુજરાત વગેરે પુસ્તકોમાં પમ્પાવતી કે પમ્પાપુરી ના નામે પેટલાદનો ઉલ્લેખ કરાયો છે. આ નામ કોણે, ક્યારે કઈ સાલમાં આપ્યું તેની માહિતી મળતી નથી. પીર અર્જુનશાહ થઈ ગયા તે વર્ષ ૧૯૭૪નું લેતા એક રીતે ૭૩૦ મું વર્ષ થયું. સોલંકી યુગના ઘણા અવશેષો પેટલાદમાં જોવા મળે છે. જેની ઉપરથી આપણે કહી શકીએ કે દોઢ હજાર વર્ષ પૂર્વેનું આપણું પેટલાદ કેટલું ભવ્ય હશે. ? હાલ પેટલાદ ની મામલતદાર ઓફિસ પાસે જે મસ્જીદ આવેલી છે તે ઔરંગઝેબ ના સમયની છે. કારણકે તે સમયે ઔરંગઝેબ જ્યાં પડાવ નાંખતો ત્યાં એક મસ્જિદ બનાવડાવતો હતો જેની પરથી જાણવા મળે છે કે ઔરંગઝેબ પણ પેટલાદમાં આવેલો.

પ્રહલાદ પુરમાં સોલંકી યુગ સંવત ૫૪૦ થી પ્રારંભ થતાં સોલંકી યુગ સમયે થઈ ગયેલ રાજાઓની કુળદેવી બહુચરમાં હોવાનું માનવામાં આવતુ હતું. પૌરાણિક માન્યતા પ્રમાણે હિડમ્બાવન એટલે જ ચરોતર ભુમિ. આ દોઢ હજાર વર્ષથી પેટલાદમાં વસવાટ કરનાર વર્ગે શક્તિ પુજનનો વિશિષ્ટ લોકોત્સવ આજ સુધી જાળવી રાખ્યો છે. સોલંકી યુગના સુવર્ણ કાળ દરમ્યાન લાટ ભૂમિનું કેન્દ્ર પેટલાદમાં પોતાની અડધી જીંદગી અર્જુનશાહે વિતાવી હતી. તેમનું મરણ લગભગ આજથી ૮૪૫ વર્ષ પહેલાં થયું હશે. તેમની દરગાહ પર ૮૪૫ વર્ષ પૂર્વેનું કોતર કામ જોઈને એવું લાગે છે કે પેટલાદ કારીગરી, કોતરકામ, શિલ્પશાસ્ત્ર વગેરેમાં ઘણું આગળ પડતું સ્થાન ધરાવતું હતું.

* **પેટલાદનું ઐતિહાસિક મહત્વ :-**

૧. પેટલાદ એ આર્યોના સમયથી પણ પહેલાંના સમયમાં મહત્વનું મથક ગણાતુ હતું.
૨. પ્રાચીન કાળમાં પેટલાદને લાટ પ્રદેશ તરીકે ઓળખવામાં આવતો હતો અને તેની હદ છેક સુરત સુધી પથરાયેલી હતી.
૩. પ્રાચીન સમયમાં ઉજ્જેનથી પશ્ચિમ સુધીનો સમુદ્ર કિનારો પેટલાદની હદમાં આવતો હતો. ઈ.સ. પૂર્વેનો દરિયાકાંઠો પણ પેટલાદની નજીકનો કહેવાય છે.
૪. ઈ.સ. પૂર્વે ૪૦૦ થી લઈને વિ. સંવત ૧૧૦ સુધી ભીલ રાજાઓ ની સત્તા હતી. છેલ્લો રાજા મયો ભીલ સોલંકી રાજાના હાથે મરાયો હતો. તેમની સત્તા ૬ સદીઓ સુધી રહેવા પામી હતી.
૫. આર્યોના ગ્રંથોમાં પેટલાદનો ઉલ્લેખ જોવા મળે છે. પેટલાદ ઈ.સ. પુર્વેની રાજધાની હતુ. ત્યારે હાલના આધુનિક શહેરોતો અસ્તિત્વમાં પણ ન હોતા.
૬. પેટલાદએ ૮૪૧ સુધી સોલંકી વંશની રાજધાની રહેવા પામ્યુ છે. અમદાવાદ પણ ૧૪૧૧માં વસ્યુ છે. ખંભાત પણ છઠ્ઠી સૈકાનું કહેવાય છે. પેટલાદમાં છઠ્ઠી સદીના મકાનો આજે પણ જોવા મળે છે.
૭. ''ઈન્ડિયન એન્ટીકવરી'' નામના પુસ્તકમાં ખંભાતના સમુદ્રને લાટ સમુદ્ર તરીકે ઓળખવામાં આવ્યો છે.
૮. ઔરંગઝેબના સમયમાં પેટલાદ એ સૌથી મોટુ લશ્કરી મથક તરીકે ઓળખાતું હતું.
૯. ઈ.સ. પૂર્વે ભક્ત પ્રહલાદનો પેટલાદમાં વસવાટ થવા પામ્યો હતો. જેને કારણે પેટલાદનું નામ પ્રહલાદપુર પડ્યું હતું. ઈ.સ. ૧૨૯૭માં અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત પર ચઢાઈ કરી હતી અને ત્યારે તે પેટલાદમાં પણ આવ્યો હતો. તેની સત્તા ગુજરાતમાં ૧૬ વર્ષ રહેવા પામી હતી. અને તેણે રોજો બનાવ્યો હતો જે હાલમાં પણ પેટલાદમાં મોજુદ છે.

આમ પેટલાદ તે સમયનું જાહોજલાલી ભર્યું નગર તથા સૌથી મોટું વડુ મથક ગણવામાં આવતું હતું.

* રવિ જે. જોષી ટી.વાય.બી.એ. રોલનં.૬૪

## પ્રેરણાદાયી સૃષ્ટિ

- ભગવાન શું છે ? સૃષ્ટિનો સર્જન હાર
- સૃષ્ટિ શું છે ? કુદરતે આપેલું અનમોલ રત્ન
- જીંદગી શું છે ? જીવન જીવવાની એક કળા
- મુશ્કલીઓ શું છે ? સફળ થવાની ચાવી.
- વૃક્ષ - ઝાડ શુ છે ? સહનશીલતાની મૂર્તિ
- ભૂમિ શું છે ? મમતાનું અનોખું સ્વરૂપ
- પાણી શું છે ? બીજાઓને મદદરૂપ થવાનો માર્ગ.
- પવન શું છે ? જીવનમાં આવતી તડકી - છાંયડીનું સ્વરૂપ.
- અવકાશ શું છે ? જીવનમાં આવતો એકલતાનો સમય.
- સૂરજ શું છે ? પોતે બળીને બીજાઓને પ્રકાશ આપવાની પ્રેરણાનું સ્વરૂપ.
- ચંદ્ર શું છે ? મનને શીતળ બનાવતું પ્રતિક
- તારાઓ શું છે ? પડતીમાંથી ઊંચા આવવાનો સંદેશ.
- કોલેજ શું છે ? વિદ્યા મેળવવાનું સ્થળ.

**પટેલ ભાવિકા પી. એસ.વાય.બી.એ. રો નં. ૨૯**

## સુનામી (ગઝલ)

અરે ! ઓ સુનામી તને થોડી શરમ ન આવી,
ગરીબ માનવોની તને જરા રહેમ ન આવી.

તારા આંગણે સપનાનો મહેલ હતો અમારો,
છાલક એને મારતાં તને જરા શરમ ન આવી.

રેત પર સૂતા હતા ગગનની ચાદર ઓઢી,
ચાદરને કફન બનાવી ઓઢાડતા રહેમ ન આવી.

આજે સમજાઈ ગયું દુનિયા તને ખારો કેમ કહે છે.
નફરતની થાપટ મારતાં પહેલાં શરમના આવી.

તુટી ગયા મહેલોને તણાઈ ગયા માનવી અહીં,
લાશોનો બગીચો બનાવતાં થોડી રહેમ ન આવી.

## આ પરિસ્થિતિ તો બદલાતી નથી.

હોય એ આરંભની કે અંતની,
આ પરિસ્થિતિ તો બદલાતી નથી.
અંત જેવું કયાં હજી દેખાય છે ?
પહાડમાંથી પહાડ બેઠા થાય છે ?
આરંભમાં જ આંખને ભીની કરો નહીં,
એવા પ્રસંગો કંઈક કથામાં ભર્યા હશે.
આરંભ એવો કયાં દેખાય છે ?
કે નદીમાંથી સરોવર વહી જાય છે ?
અમે આવ્યા મધ્યમાં પણ.........
શું મેળવી લીધું મહેફીલમાંથી.
અંત વેળાની સહજતા પામવા,
મોત સાથે પણ ઘરોબો જોઈએ.

**પટેલ તુલસી પી., એસ.વાય.બી.એ. રો નં. ૦૮**

## તું

તારું કશુ ન હોય તો છોડીને આવતું,
તારું જ બધુ હોય તો છોડી બતાવ તું.

અજવાળુ જેના ઓરડે, તારા જ નામનું,
હું એ જ ઘર છું, એજ ભલે ને ન આવતું,

પહેર્યું છે એય તુજ છે, ઓઢ્યું છે એય તું,
મારો દરેક શબ્દ તું મારો સ્વભાવ તું.

સાકરની જેમ ઓગળી જઈશ હુય પણ,
છલકાતો કટોરો ભલેને મોકલાવ તું.

''તુલસી'' સાત ઈચ્છા કરી પાર એ મળે,
એ રેખા હથેળીમાં નથી તો પડાવ તું.

## એક નવી જ વાનગી

એક તદ્દન નવી વાનગીની રીત આ પ્રમાણે છે. સૌ પ્રથમ એક કિલો ગ્રામ પ્રેમ લઈ બસો ગ્રામ સ્મિત ઉમેરો. આથો ચડી રહે પછી એમાં ચાર ચમચી વિશ્વાસ અને ત્રીસ ગ્રામ જેટલી સહાનુભૂતિ તથા પા લીટર સચ્ચાઈ ઉમેરો જે મિશ્રણ તૈયાર થાય તેને બરાબર ઘૂંટીને ઘટ થવા દો. પછી એમાં એટલા જ વજન જેટલો આનંદ રેડીને ઠીક-ઠીક સમય સુધી વૈરાગ્યના રેફ્રિજરેટરમાં મૂકી રાખો. થોડાક કલાક પછી યોગ્ય કદના ચક્તાં પાડીને શત્રુઓ તથા મિત્રોમાં વહેંચવા માંડો આવી સ્વાદિષ્ટ વાનગીનું નામ છે.- જીવન

**પટેલ તુલસી પી.**

## અર્જ હમને કિયા હૈ

વફા કી કસમો હમે પતા હૈ,
લેકિન હમકો બેવફા મત સમજના

હમારે લીયે હૈ અગર તો એક તૂમ
બાકી સારી મહેફિલ બેવફા મૌજુદ હૈ.

યે મેરી દુઆ હૈ લેકિત અર્જ હમને કિયા હૈ,
સદા સાથ રહને કા વાદા હૈ અંતમે ફિસલ જાના બહાના હૈ

## વેચવાનો છે ચંદ્ર, ચંદ્રને જાણી લો

નામઃ- ચન્દ્ર ઊર્ફે ચન્દ્રમા, ઉર્ફે મૂન

ઉંમર :- ૪૫૦ અબજ વર્ષ

આકાર :- અંડાકાર

પરિવાર :- પપ્પા સૂર્યના પરિવારનો સૌથી નાનો અને લાડલો પુત્ર, ધરતી માતાનો ભાઈ અને ધરતી પરના લોકોના મામા

દિવસ રાત :- ૧૫ દિવસ, ૧૫ રાત

તાપમાન :- દિવસમાં ૧૦૭ ડિગ્રી, અને રાત્રે ૧૫૩ ડિગ્રી

વિસ્તાર :- ૩૪૭૬ ચોરસ કિ.મી.

પૃથ્વીથી અંતર :- ૩,૮૪,૪૬૭ કિ.મી.

## પૈસાનું ગ્રૂપ તપાસ્યું છે ?

મનુષ્ય જ્યારે જન્મે છે, ત્યારે તેનુ વજન અઢી કીલો હોય છે.
અને અગ્નિ સંસ્કાર બાદ
તેની રાખનું વજન પણ અઢી કીલો હોય છે.
જીંદગી નું પહેલુ કપડુ જેનું નામ ઝભલુ
એમાં ખીસ્સુ ન હોય,
જે જીંદગીનું છેલ્લુ કાપડ કફન
એમાંય ખીસ્સુ ન હોય
તો વચગાળાના ખીસા માટે આટલી બધી દોડ-ધામ શા માટે ?
આટલી ઉપાધિ શા માટે ?
આટલા દગા અને પ્રપંચ શા માટે ?
લોહી લેતા ગ્રૂપ ચેક કરાય છે.
પૈસા લેતા જરાક ચેક કરજો એ કયા ગ્રૂપનો છે?
ન્યાયનો છે ? હાય નો છે ? કે હરામનો છે ?
ખોટા ગ્રૂપના પૈસા ઘરમાં આવી જવાથી જ
આજે ઘરમાં અશાંતિ, ક્લેશ કંકાસ છે.
હરામનો અને હાયના પૈસો,
જીમખાના અને દવાખાના, કલબો અને બારમાં પૂરો થઈ જશે ને તને ય પૂરો કરી જશે.
બેન્ક બેલેન્સ વધે પણ જો ફેમીલી બેલેન્સ ઓછું થાય તો સમજું કે પૈસાનું ગ્રૂપ તપાસવામાં ગરબડ છે.

## નરમ ન બનો ન ગરમ બનો

એટલા નરમ ન બનો કે,
લોકો તમને ખાઈ જાય.

એટલા ગરમ ન બનો કે,
લોકો તમને સ્પર્શી ન શકે.

એટલા સરળ ન બનો કે,
લોકો તમને બનાવી જાય.

એટલા અતડા ન બનો કે,
લોકો તમને મળતાં પણ અચકાય.

એટલા ઉદાર પણ ન બનો કે,
લોકો તમારી કદર પણ ન કરે.

**પટેલ તુલસી પી.**
**એસ.વાય.બી.એ. રોલ નં. ૦૮**

## " મૌન "

મનુષ્યએ મૌન રાખતા શીખવું જોઈએ. મૌન થી શક્તિનો સંચય થાય છે. વિખરાયેલી શક્તિ પુનઃ કેન્દ્રિત થાય છે. મૌન ને લીધે માનવી એક ચિંતે કામ કરી શકે છે. અભ્યાસમાં મૌન અતિ ઉપયોગી છે. મૌન એ આત્મા શુધ્ધિનું પહેલું સોપાન છે. એનામાં પાયામાં જ્ઞાન વિવેક અને સંયમ રહેલો છે. મૌન ક્ષમા અને સહિષ્ણુતાની પારાશીશી છે. મૌન સુખ શાંતિનું ધામ છે. ઉન્નતિનું દ્વાર છે. મૌન હંમેશ માટે શક્ય નથી પણ મહિનામાં એક દિવસ મૌન પાળવું જોઈએ."Speech is Silver Silence is gold" વાણી ચાંદી જેવી છે. અને મૌન સુવર્ણ જેવું છે.

## "નિશ્ચય બળ"

જેનું નિશ્ચયબળ દ્રઢ અને મન અડગ અને મક્કમ હોય, જેનો નિર્ધાર અફર હોય તેને જીવનમાં કોઈ મુશ્કેલી નડતી નથી. "Come what may" જે જીવાતું હોય તે થાય એવી ખુમારીથી જે મંજિલ તરફ આગળ વધે છે તેને માટે મુશ્કલી પણ મહેફિલ બની જાય છે.

પોતાના માટે સુખ ઈચ્છવાથી નાશવંત સુખ મળે છે અને બીજાઓને સુખ પહોંચાડવાથી અવિનાશી સુખ મળે છે.

સુખ પછી દુઃખ, દુખઃ પછી સુખ મિલન પછી વિરહ, વિરહ પછી મિલન આ ચક્ર નિરંતર ચાલ્યા કરે છે. વિવેકી વ્યક્તિ સુખમાં હર્ષિત અથવા દુઃખમાં શોકાતુર થયા વિના સંપૂર્ણ નિષ્ક્રિય ભાવથી જીવન પંથમાં આગળ વધે છે."

"માનવીની માનવતા મનમાં રહેલી છે. સંચયમાં નહી. સજ્જનોનું ધન બીજાના ભલા માટે હોય છે. વરસાદ આપતા વાદળોનું સ્થાન ઊંચું છે. પાણી નો સંગ્રહ કરનાર સમુદ્રનું સ્થાન નીચું છે. નદીઓનું પાણી બીજા માટે હોય છે. વૃક્ષોના ફળ અન્ય માટે હોય છે. ફૂલોની સુવાસ પરહિત કાજે હોય છે. અને ધનનો સદ્‌ઉપયોગ વાપરવામાં રહેલો છે. સજ્જનોની સુવાસ એમના દાનને લીધે છે. સંચયને લીધે નહિ."

સંસારમાં દુઃખ, કષ્ટ અને આપત્તિ ભૂતકાળમાં હતાં અને ભવિષ્યમાં પણ રહેશે. મનુષ્ય એ પોતાની શક્તિ વડે એના પર વિજય પ્રાપ્ત કરવો પડશે અને એનાથી પર થવું પડશે.

- પ્રતિક્ષા પ્રજાપતિ
એફ.વાય બી.એ.

## ચાલી ગયો તું.....

આંખોથી પ્રેમ શીખવાડીને ચાલી ગયો તું,
દિલના દરવાજેથી પાછો વળી ગયો તું,
પાગલ બનાવીને બેવસ કરી ગયો તું,
મનના મૂળને ઉખાડીને ચાલી ગયો તું,
બે મીઠા બોલ બોલી પાછો વળી ગયો તું,
શૈલ્યનાં જીવનની છેલ્લી ક્ષણ ભૂલી ગયો તું,
બળતા અરમાનોને હવા આપી ગયો તું,
જન્મના મિલનની જુદાઈ કરી ગયો તું,
આ 'ઝલક' ની જીંદગીને ઝૂટાવીને ચાલી ગયો તું

**- પટેલ ઝલક (એસ.વાય.બી.એ.)**

## ચીજ (વસ્તુ)

દેખાડવા જેવી ચીજ હોય તો 'દયા' છે.
બોલવા જેવી ચીજ હોય તો 'સત્ય' છે.
ભૂલવા જેવી ચીજ હોય તો 'ભૂતકાળ' છે.
સુધારવા જેવી ચીજ હોય તો 'વર્તમાન' છે.
વિચારવા જેવી ચીજ હોય તો 'ભવિષ્ય' છે.
ખાવા જેવી ચીજ હોય તો 'ગમ' છે.
જીતવા જેવી ચીજ હોય તો 'પ્રેમ' છે.

**- પટેલ ઝલક (એસ.વાય.બી.એ.)**

## કેટલું ? ? ?

તમારી યાદોમાં મારે તડપવાનું કેટલું ?
અંગારા દેખી હજી ભડકવાનું કેટલું ?
મૃગજળ પાછળ દોડી દોડીને હારી ગઈ છું,
પ્રેમ માટે દિલને તરસવાનું કેટલું ?
મંઝિલે પહોંચવા પગ લોહીથી ખરડાઈ ગયા,
વિસામો મેળવવા માટે, મારે ચાલવાનું કેટલું ?
હવે ફરિયાદ સાંભળતું નથી કોઈ મારી,
પથ્થરો આગળ રોજ કરગરવાનું કેટલું ?
તમને પ્રેમ કરી બેઠી તે 'ઝલક'ની ભૂલ હતી,
એક ભૂલ માટે આંખોને રડવાનું કેટલું ???

**- પટેલ ઝલક (એસ.વાય.બી.એ.)**

## સુવિચારો

❖ ક્યારેક વાહન વગર ચાલવાનું થાય તો અફસોસના બદલે પગે જેને પેરાલિસિસ કે લકવો થયો હોય તેવી વ્યક્તિને યાદ કરજો. એમને એકાદ ડગલું પણ ચાલવા મળે તો એ લોકો કેટલો આનંદ પામે એનો વિચાર કરજો.

❖ તમારી જિંદગીએ તમને શું આપ્યું છે એવો વિચાર ક્યારેય આવે તો એવા લોકોને યાદ કરજો જે તમારા જેટલી ઉંમરે પહોંચ્યા જ ન હોય. એ પહેલાં જ જેને મૃત્યુ આંબી ગયું હોય.

❖ કોઈ તમારી સાથે ખૂબ જ ખરાબ વર્તન કરે, તમારું અપમાન કરે, તમને નુકશાન પહોંચાડે તો પણ ખુશ એ વાતથી થજો કે તમે એ વ્યક્તિ નથી.

❖ તમે ધંધાની કોઈ આફતમાં ઘેરાઈ જાવ તો મૂઝવણ ન અનુભવશો ફક્ત એવા માણસોને યાદ કરજો કે જેની પાસે ધંધો જ નથી.

❖ તમારો એકાદ રવિવાર કે રજા ખરાબ જાય તો દુઃખી થવાને બદલે એવા લોકોનું સ્મરણ કરી લેજો કે જેને કુટુંબનું પેટ ભરવા માટે રોજ રોજ કપરી મજૂરી કરવી પડતી હોય, જે એકપણ રવિવાર રજાનો દિવસ જ ન હોય.

**- અર્ચના એ. પટેલ (ટી.વાય.બી.એ.)**

## અરમાન

અરમાન લઈને નીકળ્યો તો,
દુનિયાની દેહલીજ પર
ન હોતી ખબર કે આમ અચાનક
તૂફાન આવી જશે.
ને અરમાન અધૂરાં રહેશે.
દુનિયાનો દસ્તૂર છે કંઈક ગુમાવીને
કંઈક મેળવવાનું
પણ મેં તો ગુમાવ્યું જ ગુમાવ્યું છે,
ન હોતી ખબર કે દુનિયાનો દસ્તૂર
આમ પલટાઈ જશે.
કાશ નસીબના નેજા ફરકયા હોત
તો હું ડંખીલી દુનિયાનો જવાબ
આપવાની જહેમત બતાવી દેત
ન હોતી ખબર કે આમ કિનારે
આવીને ડૂબી જવાશે
આતો છે તકદીરના લેખાં જોખાં
ન હોતી ખબર કે આમ અચાનક
તૂફાન આવી જશે.
ને અરમાન અધૂરા રહેશે.

**- વિનોદ બી. મકવાણા**

## વ્યાખ્યા 'પ્રેમની'

પ્રેમ એટલે જીવન ગીત,
પ્રેમ એટલે કાવ્યનું સંગીત,
પ્રેમ એટલે સહજ સુંદરતા,
પ્રેમ એટલે વૃષભાનુ દુહિતા
પ્રેમ એટલે આનંદનો યોગ,
પ્રેમ એટલે સુરોનો સંયોગ,
પ્રેમ એટલે વેદનાની જનની,
પ્રેમ એટલે અશ્રુ બાની,
પ્રેમ એટલે અનુભૂતિની પરાકાષ્ઠા,
પ્રેમ એટલે ખળ ખળ હેતની સરિતા,
પ્રેમ એટલે ઉરનો ધબકાર,
પ્રેમ એટલે નસોમાં વહેતી ચેતના,
પ્રેમ એટલે સત્ય સમર્પણ,
પ્રેમ એટલે સૂર્યનું મૃદુ કિરણ,
પ્રેમ એટલે શાશ્વતીનું ઝરણું,
પ્રેમ એટલે પર્વતની ટોચ,
પ્રેમ એટલે આતમનો સંવાદ,
પ્રેમ એટલે ઝરમરિયો વરસાદ,
પ્રેમ એટલે જાહેરમાં મળવાનો વાયદો,
પ્રેમ એટલે સાક્ષાત અવર્ણનીયતા,
કહેછે,
આંખથી આંખ મળે ને,
પ્રેમનામની ઘટના બની જાય છે !
ર્જાય છે જગમાં એની પરાકાષ્ઠા,
પછી પ્રેમ પ્રેમ નહિ, તવારીખ બની જાય છે!!
ને કદાચ તેથી જ,
મ એટલે અનાયાસ સર્જાયેલી કહાની,
મ એટલે જ ચેતનવંતી ત્વારીખ.

## 'કૃષ્ણ'

સકલ શાસ્ત્રોનો સાર છે કૃષ્ણ,
એક માત્ર આધાર છે કૃષ્ણ,
હૃદય વીણાનો તાર છે કૃષ્ણ,
નૂપુર મનનો ઝંકાર છે કૃષ્ણ,
વીજળીનો ઝબકાર છે કૃષ્ણ,
ઝરમરિયો વરસાદ છે કૃષ્ણ,
નરસૈયાનો નાથ છે કૃષ્ણ,
મીરાનો વ્હાલો ગોપાલ છે કૃષ્ણ,
હિમાલયથી યે વિરાટ છે કૃષ્ણ,
કણ કણ કરતાંય સૂક્ષ્મ છે કૃષ્ણ,
ક્યાંય ન શોધતી ઓ બેખબર,
તારો સઘળો શણગાર છે કૃષ્ણ.
વળ હેમા જગદીશભાઈ (એમ.એ. ૨)

## Business Rules

Business કરવા માટેના એક જૂના અમેરીકન લેખક J. Poul gatty નામના વ્યક્તિએ પોતાના પુસ્તકમાં ૬ (૭) નિયમો આપ્યા હતાં.

૧. Vast vision (વિશાળ દ્રષ્ટી)

૨. No Job (નોકરી નહિ)

૩. Own business (પોતાનો ધંધો)

૪. Business Tread (ધંધામાં વધારો)

૫. Divert your Business
(ધંધાનો ફેલાવો)

૬. Help Other (કોઈકને મદદ કરો)

આ છ નિયમો J. Poul gatty નામના વ્યક્તિએ આપ્યા ત્યારે આ પુસ્તક એક વ્યક્તિ Rek Rock જેનું નામ હતું તેણે પોતાની નજર બદલી અને એક ધંધો ચાલુ કરવાનું વિચાર્યું નક્કી કર્યા બાદ તેણે બીજા નિયમને આધારે પોતાની ૧૨૦૦૦/ $ ની નોકરી છોડી દીધી ત્રીજા નિયમને આધારે તેણે એક સ્થળે નાની હોટલ ચાલુ કરી હોટલમાં કમાણી થતી હતી. પછી તે હોટલ વધારે ચાલવાથી પોતાના ધંધાનો Tread વધાર્યો અને ત્યાર બાદ થોડા થોડા અંતરે તેણે હોટલો સ્થાપી દીધી આમ તેની હોટલો ચાલવા લાગી પછી પોતે એકલો હોવાથી તેટલુ કામ સંભાળી શકતો ન હતા તેથી તેણે તેની બહેન તેની આગળ શરત મુકી કે તારા ધંધામાં મારી ૧૦% ની પાર્ટનરશીપ રહેશે. ત્યારે Rek Rock હા પાડી અત્યારે તે વિશ્વ વિખ્યાત Mak donald નામની કંપની આપણે જાણીએ છીએ તે તેની હતી. અત્યારે પણ તેના ઘરે 10% Royalty Income જાય છે. આમ Business Sucess men બની શકાય છે. જેમ કે ધીરુભાઈ અંબાણી, ટાટા બીરલા, બીલ ગેટ્સ વગેરે.

ભદ્રેશ્વરી ભાવિન પી.

## જ્ઞાન પ્રાપ્તિ કરવા શું કરશો ?

Information:

| | | |
|---|---|---|
| I | Interest | રસ રાખો |
| N | Negotiation | ચર્ચા કરો |
| F | Finding | હકિકત શોધો |
| O | Observation | અવલોકન કરો |
| R | Reading | વાચન કરો |
| M | Modern | આધુનિક બનો |
| A | Analysis | પૃથ્થકરણ કરો |
| T | Timely | સમયસર રહો |
| I | Inquisitiveness | જિજ્ઞાસા રાખો |
| O | Open mind | પૂર્વગ્રહ રહિતબનો |
| N | Noting | નોંધ કરતા રહો |

## કોની પાસે શું શીખશો ?

ફુલ :- મારી માફક સુખ એન દુઃખમાં હસતા રહો.

દીવો:- નાનો પણ મોટાની ગરજ સારો

ભમરો :- સુખ દુઃખમાં ગાતા રહો.

અગરબત્તી :- પોતે જલીને બીજાને સુવાસ આપો.

વૃક્ષ :- કાયાને કષ્ટ આપી શરણ આવેલાને રક્ષણ આપો.

## ત્રણ

ત્રણ માટે લડો :- આઝાદી, ઈમાન, ઇન્સાફ

ત્રણને ધન આપવું :- બ્રાહ્મણ, અનાથ, ભિખારી

ત્રણની પુંજા કરવી :- માત, પિતા, ગુરુ

ત્રણને માન આપો :- વડિલ, ન્યાય, સંયમ

ત્રણની સેવા કરવી :- દુઃખી, સગો, નિરાશી

ત્રણથી દુર રહેવું:- આળસ, ખુશામત, બકવાસ

ત્રણને માટે મરી છુટવું :- ધર્મ, દેશ, મિત્ર

ત્રણ ગુણ પાડવા :- પ્રેમ, નમ્રતા, શૌર્ય

ત્રણથી દુર રહેવું :- ઈર્ષા, ઘમંડ, અભિમાન

ત્રણ ગુણ રાખવા :- જ્ઞાન, ધન, સદ્ગુરુ.

**ભદ્રેશ્વરી ભાવિન પી**

# SECOND INTERNAL THEORY EXAM : B.A. & B.Sc. : 2007-08

| DATE | TIME | F.Y.B.A. | S.Y.B.A. | T.Y.B.A. | F.Y.B.Sc. | S.Y.B.Sc. | T.Y.B.Sc. |
|---|---|---|---|---|---|---|---|
| 11-02-2008 MONDAY | 11 : 30 TO 2 : 30 | COMP. SANSKRIT | PRIN. SUB GUJ-3, ECO-3 SOC-3 | GUJ-6, ECO-6 SOC-6 | ENGLISH | CHME-3 MATHS-3 MICRO-3 | CHME-6 PHYSICS-6 MICRO-6 |
| 12-02-2008 TUESDAY | 11 : 30 TO 2 : 30 | ENG. - "A" ENG. - "B" | PRIN. SUB. GUJ-4, ECO-4 SOC-4 | GUJ-7, ECO-7 SOC-7 | PHYSICS-1 | CHEM-4 MATHS-4 MICRO-4 | CHME-7 PHYSICS-7 MICRO-7 |
| 13-02-2008 WEDNESDAY | 11 : 30 TO 2 : 30 | PRIN. SUB GUJ-1, ECO-1 SOC-1 | PRIN. SUB. GUJ-5, ECO-5 SOC-5 | GUJ-8, ECO-8 SOC-8 | PHYSICS-2 | CHEM-5 MATHS-5 MICRO-5 | CHME-8 PHYSICS-8 MICRO-8 |
| 14-02-2008 THURSDAY | 11 : 30 TO 2 : 30 | PRIN. SUB. GUJ-2, ECO-2 SOC-2 | COMP. ENG. - "A" ENG. - "B" | GUJ-9, ECO-9 SOC-9 | CHEM-1 | PHYSICS-3 BOTANY-3 | CHME-9 PHYSICS-9 MICRO-9 |
| 15-02-2008 FRIDAY | 11 : 30 TO 2 : 30 | 1ST SUBS. SOC-1, PSY-1 GUJ-1, ECO-1 | 1ST SUBS. SOC-3, PSY-3 GUJ-3, ECO-3 | GUJ-10 ECO-10 SOC-10 | CHEM-2 | BOTANY-4 PHYSICS-4 | CHME-10 PHYSICS-10 MICRO-10 |
| 16-02-2008 SATURDAY | 11 : 30 TO 2 : 30 | 1ST SUBS. SOC-2, PSY-2 GUJ-2, ECO-2 | 1ST SUBS. SOC-4, PSY-4 GUJ-4, ECO-4 | GUJ-11 ECO-11 SOC-11 | BIOLOGY-1 MATHS-1 | BOTANY-5 PHYSICS-5 | ENGLISH |
| 18-02-2008 MONDAY | 11 : 30 TO 2 : 30 | 2ND SUBS. PSY-7, GUJ-7 COM-7, SKN-7 | 2ND SUBS. PSY-7, GUJ-7 COM-7, SKN-7 | COMP. ENGLISH | BIOLOGY-2 MATHS-2 | ENGLISH | .... |
| 19-02-2008 TUESDAY | 11 : 30 TO 2 : 30 | .... | .... | .... | COMPUTER | COMPUTER | .... |

**રી-ટેસ્ટ પરીક્ષા : તા. ૨૧-૨-૨૦૦૮ થી ૨૯-૨-૨૦૦૮ સુધી ઉપરોક્ત સમય અને વિષય મુજબ રહેશે.**

## SECOND INTERNAL THEORY EXAM : 2008 M.A. (P.G.)

| Date | Time | M.A.- I | M.A. - II |
|---|---|---|---|
| 21-02-2008 THURSDAY | 11 : 30 TO 2 : 30 | GUJ-1 ECO-1 | GUJ-5 ECO-5 |
| 22-02-2008 FRIDAY | 11 : 30 TO 2 : 30 | GUJ-2 ECO-2 | GUJ-6 ECO-6 |
| 23-02-2008 SATURDAY | 11 : 30 TO 2 : 30 | GUJ-3 SOC-1 | GUJ-7 SOC-3 |
| 25-02-2008 MONDAY | 11 : 30 TO 2 : 30 | SANS-1 SOC-2 | SANS-5 SOC-4 |

(Printed Matter)

BOOK POST

To ______________________

______________________

______________________

______________________

From :-

આચાર્યશ્રી

શ્રી આર.કે. પરીખ આર્ટ્સ એન્ડ

સાયન્સ કોલેજ, પેટલાદ.

જિ. આણંદ - ૩૮૮ ૪૫૦. ફોન : (૦૨૬૯૭) ૨૫૨૩૯૧